બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા, વર્ગ ઘટાડા તથા ગ્રાન્ટ કાપની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૮-૦૩-૨૦૧૧

વંચાણે લીધાઃ-

૧.શિક્ષણ વિભાગનો તા. ૩૧-૧૨-૦૯ નો સમાનાંકી ઠરાવ.

૨.શિક્ષણ વિભાગનો તા. ૧૫-૦૫-૯૯ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૩૯૯-૩૧૪-ગ

3. શિક્ષણ વિભાગનો તા.૩૧-૦૧-૯૨ના ઠરાવ ક્રમાંક ઉઅમશ-૧૧૯૧-૨૦૩૬-ગ.૧

આમુખઃ-

રાજયની તમામ બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગદીઠ વિધાર્થી પ્રવેશ સંખ્યા તથા ગ્રાન્ટેડ શાળાઓમાં ગ્રાન્ટ મેળવવા જાળવવાની થતી સરેરાશ વિધાર્થી સંખ્યા સંબંધે સ્પષ્ટતા કરતો ઠરાવ તા.૩૧.૧૨.૨૦૦૯ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. પરંતુ, વર્ગ વધારા માટે કેટલા વિધાર્થીઓની સંખ્યા ધ્યાને લેવી, વિધાર્થીઓની સરાસરી હાજરીમાં ઘટાડો થતાં કેટલો ગ્રાન્ટ કાપ આપવો તથા ઉત્તરોતર વિધાર્થીઓની સંખ્યા ઘટતાં કયા ધોરણે વર્ગ ઘટાડા કરવા તેની સ્પષ્ટતા બહાર પાડવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે રાજયમાં આવેલ લઘુમતિ શાળાઓ સહિતની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે તે ધોરણના વર્ગ બાબતે,

૧. મહત્તમ રજીસ્ટર્ડ વિધાર્થીઓની સંખ્યા કરતાં વિધાર્થીઓની પ્રવેશ સંખ્યા વધતાં જે તે ધોરણના વધારાના વર્ગો મંજુર કરવા,

૨. શાળાઓમાં વિધાર્થીઓની સંખ્યામાં ઉત્તરોતર ઘટાડો થતાં વર્ગ ઘટાડા આપવા,તથા

3. વિધાર્થીઓની સરાસરી હાજરીમાં ઘટાડો થતાં ગ્રાન્ટકાપ અંગે ધોરણ ૯ થી ૧૨ માટેના માપદંડ આથી નીચે મુજબ નકકી કરવામાં આવે છે.

૧. વધારાના વર્ગો મંજુર કરવા માટેના માપદંડ :

જુન-૨૦૧૦ના શૈક્ષણિક વર્ષથી શાળાઓમાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા વધતાં વધારાના વર્ગો મંજુર કરવા માટે નીચે મુજબના માપદંડ નક્કી કરવામાં આવે છે.

**Table :I**

| ધોરણ ૯ થી ૧૨ | વિધાર્થી સંખ્યા | | | જે તે ધોરણના વધારાનો વર્ગ મંજુર કરવા ધ્યાને લેવાની રજીસ્ટર્ડ વિધાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | મહત્તમ (પ્રવેશ સંખ્યા) B= A+B ની સંખ્યા એ રીતે... | લઘુત્તમ (સરાસરી હાજરી) | | | |
| | | ગ્રામ્ય વિસ્તાર (૫૫%) | શહેરી વિસ્તાર (૮૦%) | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| A | ૬૦ | ૩૩ | ૪૮ | - | - |
| B | ૧૨૦ | ૪૬ | ૭૭ | ૬૦ +૨૪ | ૬૦ +૩૬ |
| C | ૧૮૦ | ૭૯ | ૧૨૫ | ૬૦ +૬૦ +૨૪ | ૬૦ +૬૦ +૩૬ |
| D | ૨૪૦ | ૧૧૨ | ૧૭૩ | ૬૦+ ૬૦ +૬૦+ ૨૪ | ૬૦ +૬૦+ ૬૦ +૩૬ |
| E | ૩૦૦ | ૧૪૫ | ૨૨૧ | ૬૦ +૬૦ +૬૦ +૬૦+ ૨૪ | ૬૦+ ૬૦+ ૬૦+ ૬૦ +૩૬ |
| F | ૩૬૦ | ૧૭૮ | ૨૬૯ | ૬૦ +૬૦+ ૬૦ +૬૦ +૬૦ +૨૪ | ૬૦ +૬૦+ ૬૦+ ૬૦ +૬૦+ ૩૬ |

સ્પષ્ટતાઃ૧.પ્રથમ વર્ગ આપવામાં આવે ત્યારે વિધાર્થીઓની સંખ્યા ધ્યાને લેવામાં આવતી નથી.

૨. ઉપર A, B, C, D, E અને F એ ધોરણ- ૯ થી ૧૨ માટે એક જ ધોરણના એક થી વધારે વર્ગોની સમજ માટે ઉલ્લેખ કરેલ છે.

૩. ઉપર ટેબલમાં કોલમ A-૩,A-૪ માં દર્શાવેલી સંખ્યા એ કોલમ A-૨ના અનુક્રમે ૫૫% અને ૮૦% પ્રમાણેની સંખ્યાછે જ્યારે B થી F ના કોલમ ૩,૪માં દર્શાવેલી સંખ્યા, B થી F ના કોલમ ૫,૬ ના અનુક્રમે ૫૫% અને ૮૦% પ્રમાણેની સંખ્યા છે.

(૧) વર્ગ વધારાની મંજુરી આપતા પૂર્વે સક્ષમ સત્તાધિકારીશ્રીએ જે શાળાની વર્ગ વધારા મંજુર કરવાની દરખાસ્ત મળે ત્યારે, વધારાના વર્ગ માટે મંજુરી આપતા પહેલા નીચે જણાવેલા મુદ્દાઓની કાળજી પુર્વક પુરતા આધારો સાથે ચકાસણી કરવાની રહેશે.

(i) તે શાળામાં દરેક ધોરણના માન્ય વર્ગમાં શિક્ષણ વિભાગના તા. ૩૧.૧૨.૨૦૦૯ ના ઠરાવની,

જોગવાઇ નં.૧ અને ૨ મુજબ જે તે શૈક્ષણિક વર્ષમાં 60 વિદ્યાર્થીઓની રજીસ્ટર્ડ સંખ્યા(પ્રવેશ સંખ્યા- Enrolment) હોવી જોઇએ. ( Table :I કોલમ-2 મુજબ) તથા

જોગવાઇ નં.3 મુજબ જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિદ્યાર્થી પ્રવેશ સંખ્યા સામે શહેરી વિસ્તારમાં ૮૦% અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫% દૈનિક સરાસરી હાજરી જાળવેલી હોવી જોઇએ. ( Table :I કોલમ-3,૪ મુજબ)

(ii) ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની શાળામાં જે તે ધોરણના દરેક વધારાના વર્ગ માટે ઉપર Table :Iના અનુક્રમે કોલમ નં.૫ અને ૬માં જણાવ્યા મુજબ લધુત્તમ વિધાર્થીઓની રજીસ્ટર્ડ સંખ્યા ધરાવતા હોવા જોઇએ.

(iii) ક્રમિક વર્ગ (ઉપલા ધોરણનો વર્ગ) વધારો મંજુર કરવામાટે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જે તે ધોરણના આગળના વધારવાના (ઉપલા ધોરણના) વર્ગ માટે ગ્રામ્ય વિસ્તારની શાળા માટે લઘુત્તમ ૨૪ વિદ્યાર્થીઓ અને શહેરી વિસ્તારની શાળા માટે લઘુત્તમ ૩૬ વિદ્યાર્થીઓ પ્રવેશ માટે ઉપલબ્ધ હોવા જ જોઇએ અન્યથા વર્ગ વધારો મંજુર કરી શકાશે નહિ.

ઉપર મુજબ કાળજી પુર્વક પુરતા આધારો સાથેની ચકાસણી કર્યા પછી જ માન્ય વર્ગ / વર્ગો ઉપરાંત વધારાના વર્ગ મંજુર કરવાના રહેશે.

(iv) ઉપર જણાવેલા માપદંડ પ્રમાણે વધુમાં વધુ ધોરણ દીઠ વર્ગોની સંખ્યા ૬(છ)ની રહેશે. (વિભાગના તા.૧૫-૫-૯૯નો ઠરાવ ક્રઃબમશ-૧૩૯૯-૩૧૪-ગની જોગવાઇ મુજબ)

(v) લઘુમતિ શાળાઓ સહિત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ શાળાઓને ઉકત ધોરણો લાગુ પડશે.

(vi) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરે ધોરણ તથા વધારાના વર્ગ વાર વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા બાબતે માધ્યમિક શિક્ષણ વિનિયમો.૧૯૭૪ના સબંધીત વિનિયમોમાં આનુષાંગિક સુધારા કરવાના રહેશે.

૨. શાળાઓમાં વિધાર્થી સંખ્યામાં ઉત્તરોતર ઘટાડો થતાં વર્ગ ઘટાડો આપવા માટેના માપદંડ:

(૧) શાળામાં વિધાર્થીઓના પ્રવેશની સંખ્યા શાળાના શિક્ષણ કાર્ય તથા શિક્ષણના સ્તર પણ આધારીત છે તેથી દર વર્ષે વિધાર્થીઓની પ્રવેશ સંખ્યા (Enrolment) બદલાતી રહે છે. એકવાર વર્ગ વધારા મેળવ્યા બાદ જો શાળામાં સતત વિધાર્થીઓની સંખ્યા ઘટે તો વધારાના વર્ગો બંધ કરવા પણ તેટલું જ જરૂરી છે તેથી શાળાઓમાં વિધાર્થી સંખ્યામાં ઉત્તરોતર ઘટાડો થતાં વર્ગ ઘટાડો આપવા માટે નીચે મુજબના માપદંડ નક્કી કરવામાં આવે છે.

(i) જે શાળામાં, જે તે ધોરણના વધારાના વર્ગો મંજુર થયાના પ્રથમ વર્ષ પછી જે તે ધોરણના વધારાના વર્ગ સહિતની રજીસ્ટર્ડ વિધાર્થીઓની પ્રવેશ સંખ્યા(Enrolment)માં સતત ઘટાડો થાય અને બીજા વર્ષે વિધાર્થીઓની સંખ્યા, દરેક ધોરણના વધારાના વર્ગ સહિત,વર્ગ વધારો મંજુર કરતી વખતે (પ્રથમ વર્ષે) ધ્યાને લીધેલ વિધાર્થીઓની સંખ્યામાં ઉપર ક્રમ ૧(૧)(i) અને ૧(૧)(ii)મુજબ નિયત સંખ્યા કરતાં વિધાર્થીઓની પ્રવેશ સંખ્યા ઓછી થાય તથા દૈનિક સરાસરી હાજરીમાં ઘટાડો થાય ત્યારે,બીજા શૈક્ષણિક વર્ષથી વર્ગ ઘટાડો આપવાનો રહેશે જે આગામી પાંચ વર્ષ સુધી કોઇપણ સંજોગોમાં પાછો મળશે નહીં.

જે માધ્યમિક,ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કે જ્યાં દરેક ધોરણના માત્ર એક એક વર્ગ ચાલે છે તેવી શાળાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં વર્ગ દીઠ ૨૪ વિદ્યાર્થીઓ અને શહેરી વિતારમાં વર્ગદીઠ ૩૬ વિદ્યાર્થીઓની સંખ્યા જળવાતી ન હોય તો વર્ગ ઘટાડો આપવાનો રહેશે.

(ii) વિધાર્થીઓની સંખ્યા બાબતે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના વાર્ષિક નિરીક્ષણ વખતે જે તે શૈક્ષણિક સત્રના દરેક માસમાં સામેલ રાખેલ પત્રક-1 મુજબ વિધાર્થી સંખ્યાની જનરલ રજીસ્ટર આધારીત ચકાસણી કરવાની રહેશે અને વિધાર્થી સંખ્યાના સચોટ આંકડા જીલ્લા શિક્ષણાધિકારી તથા કમિશ્નર કચેરીએ વર્ષાન્તે રાખવાના રહેશે.

(iii) ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના કિસ્સામાં વિધાર્થીની સંખ્યાને માધ્યમિક શિક્ષણ બોર્ડના એનરોલમેન્ટ ફોર્મ સાથે પણ પ્રતિચકાસણી કરવાની રહેશે.જેથી માધ્યમિક શિક્ષણ

બોર્ડે પણ શાળા દીઠ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની વર્ષવાર વિધાર્થીઓની સંખ્યાની માહિતીનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૩. વિધાર્થીઓની સરાસરી હાજરીમાં ઘટાડો થતાં કરવાની થતી ગ્રાન્ટકાપ માટેના માપદંડ:

શાળાનું શૈક્ષણિક કાર્ય નિયમિત અને અસરકારક રીતે થાય તથા શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટે શાળામાં બાળકોની નિયમિત હાજરી બાબતે શાળા સંચાલકો અને શિક્ષકો સતત પ્રયત્નશીલ રહે તે માટે સરકાર દ્વારા શાળાને અપાતી ગ્રાન્ટની બાબતને વિદ્યાર્થીઓની શાળામાં હાજરી સાથે સાંકળવામાં આવે તે જરૂરી છે.

આથી એક વખત વિધાર્થીઓની પ્રવેશ સંખ્યા મેળવી / જાળવી વર્ગ વધારો મંજુર કરાવ્યા પછી કેટલીક શાળાઓમાં વર્ગ દીઠ વિધાર્થીઓની નિયત સંખ્યામાં ઘટાડો માલુમ પડે અને રજીસ્ટર્ડ વિધાર્થી સંખ્યા સામે દૈનિક સરાસરી, શહેરી વિસ્તારમાં ૮૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા ન જળવાય ત્યારે નીચે **Table-II** મુજબ વિધાર્થી સંખ્યાના પ્રમાણમાં શાળાની નિભાવ ગ્રાન્ટ પર ગ્રાન્ટકાપ આપવાનો રહેશે.

**Table-II**

| **A.શહેરી વિસ્તાર** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (1) શહેરી વિસ્તારની શાળા માટે નિયત માપદંડ મુજબ વર્ગ દીઠ રજિસ્ટર્ડ વિધાર્થીઓની જરૂરી સંખ્યા | | | | | | | |
| વિગત | વર્ગ દીઠ રજિસ્ટર્ડ વિધાર્થીઓની જરૂરી સંખ્યા | | | | | | ગ્રાન્ટ કાપ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ધોરણ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | |
| વર્ગ વધારો આપવાનો હોય ત્યારે | A | B | C | D | E | F | |
| મહત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| ક્રમિક વર્ગ વધારા માટે જરૂરી વિદ્યાર્થીઓની સંખ્યા | | ૩૬ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| | | | ૩૬ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| | | | | ૩૬ | ૬૦ | ૬૦ | |
| | | | | | ૩૬ | ૬૦ | |
| | | | | | | ૩૬ | |
| કુલ વિદ્યાર્થી | ૬૦ | ૯૬ | ૧૫૬ | ૨૧૬ | ૨૭૬ | ૩૩૬ | |
| (2) શહેરી વિસ્તારમાં સરાસરી હાજરીની ટકાવારી અને ગ્રાન્ટ કાપના માપદંડ | | | | | | | |
| સરાસરી હાજરી @80% | ૪૮ | ૭૭ | ૧૨૫ | ૧૭૩ | ૨૨૧ | ૨૬૯ | કોઇ ગ્રાન્ટ કાપ નહીં. |
| સરાસરી હાજરી @75% | ૪૫ | ૭૨ | ૧૧૭ | ૧૬૨ | ૨૦૭ | ૨૫૨ | ૨૫% |
| સરાસરી હાજરી @70% | ૪૨ | ૬૭ | ૧૦૯ | ૧૫૧ | ૧૯૩ | ૨૩૫ | ૫૦% |
| સરાસરી હાજરી @ 65% | ૩૯ | ૬૨ | ૧૦૧ | ૧૪૦ | ૧૭૯ | ૨૧૮ | ૭૫% |
| સરાસરી હાજરી @ 60% | ૩૬ | ૫૮ | ૯૪ | ૧૩૦ | ૧૬૬ | ૨૦૨ | ૮૦% |

| **B.**ગ્રામ્ય વિસ્તાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) ગ્રામ્ય વિસ્તાર ની શાળા માટે નિયત માપદંડ મુજબ વર્ગ દીઠ રજિસ્ટર્ડ વિધાર્થીઓની જરૂરી સંખ્યા | | | | | | | |
| વિગત | વર્ગ દીઠ રજિસ્ટર્ડ વિધાર્થીઓની જરૂરી સંખ્યા | | | | | | ગ્રાન્ટ કાપ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ધોરણ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | |
| વર્ગ વધારો આપવાનો હોય ત્યારે | A | B | C | D | E | F | |
| મહત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| ક્રમિક વર્ગ વધારા માટે જરૂરી વિદ્યાર્થીઓની સંખ્યા | | ૨૪ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| | | | ૨૪ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| | | | | ૨૪ | ૬૦ | ૬૦ | |
| | | | | | ૨૪ | ૬૦ | |
| | | | | | | ૨૪ | |
| કુલ વિધાર્થી | ૬૦ | ૮૪ | ૧૪૪ | ૨૦૪ | ૨૬૪ | ૩૨૪ | |
| (૨) ગ્રામ્ય વિસ્તારમાં દૈનિક સરાસરી હાજરીની ટકાવારી અને ગ્રાન્ટ કાપના માપદંડ | | | | | | | |
| સરાસરી હાજરી @ 55% | ૩૩ | ૪૬ | ૭૯ | ૧૧૨ | ૧૪૫ | ૧૭૮ | કોઇ ગ્રાન્ટ કાપ નહીં. |
| સરાસરી હાજરી @ 50% | ૩૦ | ૪૨ | ૭૨ | ૧૦૨ | ૧૩૨ | ૧૬૨ | ૨૫% |
| સરાસરી હાજરી @ 45% | ૨૭ | ૩૮ | ૬૫ | ૯૨ | ૧૧૯ | ૧૪૬ | ૫૦% |
| સરાસરી હાજરી @ 40% | ૨૪ | ૩૪ | ૫૮ | ૮૨ | ૧૦૬ | ૧૩૦ | ૭૫% |

(૧) ઉપર Table IIના કોલમ ૨ થી ૭ માં, શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર માટે દૈનિક સરાસરી હાજરી એ ગ્રાન્ટ મેળવવા માટેની પાત્રતા દર્શાવે છે.

(૨) શાળાના રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના,ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા અને શહેરી વિસ્તારમાં ૮૦ ટકા પ્રમાણે, વિધાર્થીઓની સરાસરી હાજરીની સંખ્યા ઉપર મુજબ જળવાય ત્યાં ૧૦૦ ટકા ગ્રાન્ટ મળવાપાત્ર થશે.

(3) ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા અને શહેરી વિસ્તારમાં ૮૦ ટકાથી ઓછી દૈનિક સરાસરી હાજરી હશે ત્યાં ઉપર Table IIના કોલમ ૪માં જણાવ્યા મુજબની ટકાવારી અનુસાર નિભાવ ગ્રાન્ટનો કાપ આપવાનો રહેશે.

(૪) શહેરી વિસ્તારની શાળાઓમાં જયારે સરાસરી હાજરી તમામ વર્ગોમાં વિધાર્થી પ્રવેશ સામે ૮૦ ટકા હોય તો કોઇ ગ્રાન્ટ કાપ આપવાનો રહેતો નથી પરંતુ જે કિસ્સામાં ૭૫ થી ૭૯ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૭૫ ટકા સામે દર્શાવેલ ૨૫ ટકા ગ્રાન્ટ કાપ, જે કિસ્સામાં ૭૦ થી ૭૪ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૭૦ ટકા સામે દર્શાવેલ ૫૦ ટકા ગ્રાન્ટ કાપ, જે કિસ્સામાં ૬૫ થી ૬૯ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૬૫ ટકા સામે દર્શાવેલ ૭૫ ટકા ગ્રાન્ટ કાપ અને જયાં ૬૦ થી ૬૪ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૬૦ ટકા સામે દર્શાવેલ ૮૦ ટકા ગ્રાન્ટ કાપ આપવાનો રહેશે અને ૬૦ ટકાથી નીચે ટકાવારી હોય ત્યારે ૧૦૦ ટકા ગ્રાન્ટ કાપ કરવાનો રહેશે.

(૫) ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં જયારે સરાસરી હાજરી તમામ વર્ગોમાં વિધાર્થી પ્રવેશ સામે ૫૫ ટકા હોય તો કોઇ ગ્રાન્ટ કાપ આપવાનો રહેતો નથી પરંતુ જે કિસ્સામાં ૫૦ થી ૫૪ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૫૦ ટકા સામે દર્શાવેલ ૨૫ ટકા ગ્રાન્ટ કાપ, જે કિસ્સામાં ૪૫ થી ૪૯ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૪૫ ટકા સામે દર્શાવેલ 50 ટકા ગ્રાન્ટ કાપ, જે કિસ્સામાં ૪૦ થી ૪૪ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૪૦ ટકા સામે દર્શાવેલ ૭૫ ટકા ગ્રાન્ટ કાપ અને જયાં ૪૦ ટકાથી નીચે ટકાવારી હોય ત્યારે ૧૦૦ ટકા ગ્રાન્ટ કાપ કરવાનો રહેશે.

(૬) ગ્રામ્ય વિસ્તારમાં એક એક વર્ગની શાળામાં ખાસ સંજોગોમાં ૫(પાંચ) વિદ્યાર્થીઓ સુધીની હાજરીની તુટ કમિશ્નરશ્રી શાળાઓ માફ કરી શકશે.અને તેથી વધારે હાજરીની તુટ માફ કરવાની સત્તા સરકારની રહેશે.

સ્પષ્ટતાઃ દરેક ધોરણ તથા દરેક ધોરણના વધારાના વર્ગોમાં વિધાર્થી પ્રવેશ સંખ્યા અને ગ્રાન્ટેડ શાળાઓ માટે ગ્રાન્ટ મેળવવા જાળવવાની થતી દૈનિક સરેરાશ હાજરી તદ્દન ભિન્ન બાબત છે. ગ્રાન્ટેડ શાળાઓ માટે ગ્રાન્ટ મેળવવાની પાત્રતા માટે નકકી કરેલ ઉપર મુજબની ટકાવારી પ્રમાણેની દૈનિક સરાસરી હાજરી એ શાળાની રજીસ્ટર્ડ વિધાર્થી સંખ્યા સુચવતી નથી પરંતુ રજીસ્ટર્ડ થયેલ / પ્રવેશ મેળવેલ વિધાર્થી સંખ્યા સામે શાળામાં વિધાર્થીઓનું સ્થિરિકરણ / દૈનિક હાજરી દર્શાવે છે.

૪. વિભાગના તા. ૩૧.૧૨.૨૦૦૯ ના ઠરાવમાં મંજુર થયેલ માન્ય વર્ગ ઉપરાંત વિધાર્થી સંખ્યા વધવાને કારણે નિયત સંખ્યા મુજબ સંખ્યા ન હોવાથી જયારે વર્ગ વધારો મંજુર થયેલ ન હોય ત્યારે વધારાના વિધાર્થી પાસેથી ફી લઇ શકાશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે પરંતુ તે માત્રને માત્ર પૂરતી વિધાર્થી સંખ્યાના અભાવે શાળાને આપવામાં આવેલ ખાસ સવલત છે. જો શાળા ફી લેવા ન માંગતી હોય તો મુકિત રહેશે પરંતુ નિયત

સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થી થવા છતાં શાળાઓ ધ્વારા વધારાના વર્ગ માન્ય પધ્ધતિ રીતે મંજુર કરાવવાને બદલે વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવાના હેતુથી નોન ગ્રાન્ટેડ તરીકેનો વર્ગ ચલાવી શકાશે નહીં.

૫.વ્યવસાયલક્ષી અભ્યાસક્રમનો મુળ હેતુ યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપી સ્વરોજગારી પુરી પાડવાનો છે.આથી યોજનાનો મુળ ઉદ્દેશ અને જરૂરિયાતને ધ્યાને લેતાં શિક્ષણ વિભાગના તા.૩૧-૧૨-૨૦૦૯ના ઠરાવથી નિયત વર્ગદીઠ મહત્તમ ૬૦ વિદ્યાર્થીઓ તથા ગ્રાન્ટના હેતુ માટે શહેરી વિસ્તારમાં ૮૦% સરાસરી હાજરી અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫% સરાસરીનું ધોરણ લાગુ પાડવાનું રહેશે નહિં પરંતુ શિક્ષણ વિભાગના તા.૩૧-૦૧-૯૨ ના ઠરાવ ક્રમાંક ઉમશ-૧૧૯૧-૨૦૩૬-ગ.૧ અન્વયે વર્ગદીઠ વિદ્યાર્થીની સંખ્યા તથા સરાસરી હાજરીનું જે ધોરણ નક્કી કરવામાં આવેલ છે તે યથાવત ચાલુ રહેશે.

૬. આ અંગે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો શિક્ષણ વિભાગનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે.એલ.પટેલ )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી,(પ્રા.અનેમાધ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી,(ઉચ્ચ અને ટે.શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી.
- સેકશન અધિકારીશ્રી, ગ અને છ શાખા.
- સીલેકટ ફાઇલ.

## પત્રક-૧

### તા. ૮/૩/૧૧ના ઠરાવક્રમાંક-ઉમશ-૧૧૦૬-૨૧૩૮/ગ-૧નું બિડાણ નિયમ-૨ (1) (ii)

**ટ્રસ્ટનું નામ**

**શાળાનું નામ**

**આચાર્ય**

**વર્ષ-**

| ક્રમ | ધોરણ | માન્ય વર્ગો | જુન | | જુલાઇ | | ઓગષ્ટ | | સપ્ટે | | ઓકટો. | | નવે | | ડીસે | | જાન્યુ | | ફેબ્રુ | | માર્ચ | | એપ્રીલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | રજી. સંખ્યા. | દૈ. હાજરી | રજી..સંખ્યા | દૈ. હાજરી | રજી. સંખ્યા | દૈ. હાજરી | રજી સંખ્યા | દૈ. હાજરી | રજી. સંખ્યા | દૈ. હાજરી | રજી. સંખ્યા | દૈ. હાજરી | રજી.સંખ્યા | દૈ. હાજરી | રજી. સંખ્યા | દૈ. હાજરી | રજી. સંખ્યા | દૈ. હાજરી | રજી.સંખ્યા | દૈ. હાજરી | રજી. સંખ્યા | દૈ. હાજરી |
| ૧ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

ધોરણ – કુલ રજી. સંખ્યા

ધોરણ માસ વાર દૈનિક સરાસરી હાજરી